# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-12-2024 Midday : 1.20 to 1.30
Day : Friday National News

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*********************************************************************

1) સંસદનાં બંને ગૃહો અનિશ્ચિતકાળ માટે સ્થગિત. - એક રાષ્ટ્ર એક ચૂંટણી સંદર્ભના બે બે બિલ જેપીસીને મોકલાયા.
2) ધક્કામુક્કી અને ડોક્ટર આંબેડકરના અપમાનના મુદ્દે ભાજપ અને કોંગ્રેસનું સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન.
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સશસ્ત્ર સીમા દળના 61માં સ્થાપના દિન નિમિત્તે જવાનોને બહાદુરી પુરસ્કાર અનેયાત કર્યા.
4) જયપુરમાં કેમિકલ ભરેલી ટેન્કરના અકસ્માતમાં સાતના મોત. - પીએમ રાહત ફંડમાંથી મૃતકોના વારસદારોને બે લાખની સહાય.
5) આવતા મહિના યોજનારી 'પરિક્ષા પે ચર્ચા' માટે 14મી જાન્યુઆરી સુધી નોંધણી પ્રક્રિયા ખુલ્લી રહેશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PAIRLMENT ADJOURNED

આજે લોકસભાની કાર્યવાહી મોકૂફ રાખવામાં આવી હતી. આજે સવારે જ્યારે ગૃહની બેઠક મળી ત્યારે વિપક્ષી સભ્યોએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ડૉ.બી.આર. આંબેડકર પરના નિવેદન પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

હંગામા વચ્ચે, સ્પીકર ઓમ બિરલાએ સાંસદોને નિયમોનું કડક પાલન કરવા અને સંસદના કોઈપણ ગેટ પર વિરોધ કરવાથી દૂર રહેવા વિનંતી કરી. તેમણે કોઈપણ ગેરશિસ્ત આચરવાના કિસ્સામાં કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, સંસદની ગરિમા જાળવવી એ તમામ સભ્યોની સામૂહિક જવાબદારી છે.

દિવસ દરમિયાન, વન નેશન વન ઇલેક્શન સંબંધિત બે બિલ સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યા હતા. બાદમાં તેમણે ગૃહની કાર્યવાહી અનિશ્ચિતકાળ માટે મુલતવી રાખી હતી. બીજીતરફ રાજ્યસભાની કામગીરીને પણ અનિશ્ચિતકાળ માટે સ્થિગત કરવામાં આવી હતી.

# LS - ONE NATION ONE ELECTION

એક રાષ્ટ્ર એક ચૂંટણી સંબંધિત બે બિલ સંસદની સંયુક્ત સમિતિને મોકલવામાં આવ્યા છે.

આ સમિતિમાં લોકસભામાંથી 27 અને રાજ્યસભામાંથી 12 સભ્યો છે. આજે સવારે ગૃહની બેઠક મળી ત્યારે કાયદામંત્રી અર્જુન રામ મેઘવાલે બંધારણ ખરડો, 2024 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારો) 2024 સંસદની સંયુક્ત સમિતિને મોકલવાની દરખાસ્ત રજૂ કરી હતી.

સમિતિ આગામી સંસદ સત્રના છેલ્લા સપ્તાહના પ્રથમ દિવસે ગૃહમાં પોતાનો અહેવાલ સુપરત કરશે. આ પેનલમાં ભાજપના નેતાઓ પીપી ચૌધરી, અનુરાગ સિંહ ઠાકુર અને પરષોત્તમ રૂપાલા, કોંગ્રેસના નેતાઓ પ્રિયંકા ગાંધી અને મનીષ તિવારી,

ટીએમસીના કલ્યાણ બેનર્જી, એનસીપી (એસપી)ના સુપ્રિયા સુલે સહિત લોકસભાના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે.

# PARLIAMENT – PROTEST - UPDATE

બે સાંસદો ઇજાગ્રસ્ત થવાના મામલે એનડીએના સાંસદોએ સંસદ ભવન સંકુલમાં આજે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાંસદોએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટીએ ડૉ બીઆર આંબેડકરનો અનાદર કર્યો છે. ભાજપના નેતા અરૂણસિંહે રાહુલ ગાંધીએ નાગાલેન્ડના સાંસદ સાથે કથિત ગેરવર્તણુંક કરવા બદલ રાહુલ ગાંધી માફી માગે તેવી માંગણી કરી હતી.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની ડૉ. બીઆર આંબેડકર વિશેની કથિત ટિપ્પણીને લઈને વિરોધ પક્ષના સાંસદોએ પણ સંસદ ભવનમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાહુલ ગાંધી સામે કરવામાં આવેલી ફરિયાદ અંગે બોલતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું હતું કે, આ ફરિયાદ સરકારની નિરાશા દર્શાવે છે.

(બાઇટ-પ્રિયંકા વાડ્રા)

# RIJIJU - BJP MP

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી દ્વારા કથિત રીતે ધક્કો મારનારા ભાજપના બે સાંસદોની હાલત સ્થિર છે.

સંસદ ભવનમાં મીડિયા સાથે વાત કરતા શ્રી રજીજુએ કહ્યું કે, સાંસદોએ સંસદીય મર્યાદાને જાળવી રાખવી જોઈએ અને શારીરિક બળનો આશરો લેવો જોઈએ નહીં.

(ઓડિયો - કિરેન રિજીજુ)

દરમિયાન કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ નવી દિલ્હીની **RML** હોસ્પિટલમાં ઘાયલ બીજેપી સાંસદ પ્રતાપ સારંગીને મળ્યા હતા. મીડિયા સાથે વાત કરતા શ્રી

સિંહે આરોપ લગાવ્યો કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી વિપક્ષના નેતાનું પદ સંભાળવા માટે સક્ષમ નથી.

તેમણે આરોપ લગાવ્યો કે, 1975માં ઈન્દિરા ગાંધીએ લોકશાહીનું ગળું દબાવ્યું હતું અને આજે રાહુલ ગાંધી એ વારસાને આગળ લઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, દેશની જનતા લોકતંત્ર અને સંસદનું આ અપમાન ક્યારેય સહન કરશે નહીં.

(ઓડિયો - શિવરાજ સિંહ ચૌહાણ)

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY AMIT SHAH – WB

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળના સિલીગુડીના રાણીડંગા ખાતે સશસ્ત્ર સીમા દળના 61માં સ્થાપના દિવસના કાર્યક્રમમાં જોડાયા હતા. આ તકે તેમણે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી અને પછી સલામી લીધી હતી. કાર્યક્રમમાંના સશસ્ત્ર સીમા દળના મહાનિર્દેશક અમૃત મોહન પ્રસાદ પણ હાજર હતા.**

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સશસ્ત્ર સીમા દળના જવાનોને બહાદુરી પુરસ્કાર એનાયત કરતાં કહ્યું કે, આ દળના જવાનો નેપાળ અને ભૂતાન સાથેની 2 હજાર 450 કિલોમીટરની સરહદની સમર્પણ ભાવના સાથે રક્ષા કરે છે અને માદક દ્રવ્યોની ગેરકાયદેસર હેરફેરને રોકવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે.**

# REV. JAIPUR-ROAD-ACCIDENT

રાજસ્થાનમાં, જયપુરના ભાંકરોટા વિસ્તારમાં આજે સવારે બનેલી ગેસ ટેન્કરમાં આગ લાગવાની ઘટનામાં મૃત્યુઆંક વધીને સાત થઈ ગયો છે અને અન્ય ૩૩ લોકો ઘાયલ થયા છે. સવારે ૬ વાગ્યે બનેલી આ ઘટનામાં અજમેર હાઇવે પર રિંગ રોડ પાસે બે ગેસ ટેન્કર અથડાતાં આગ લાગી હતી. અકસ્માતમાં 29 ટ્રક અને 2 સ્લીપર બસ સહિત કુલ 40 વાહનો નાશ પામ્યા હતા. દાઝી જવાથી ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ત્રણના સારવાર દરમિયાન મોત થયા હતા.

જયપુરના અમારા સંવાદદાતા જણાવે છે કે, ઘાયલ લોકોને સારવાર માટે SMS હોસ્પિટલમાં ખેસડાયા છે. જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા ઘાયલોની તબિયત તપાસવા માટે તાત્કાલિક હોસ્પિટલ પહોંચી સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર અને જયપુર પોલીસ દ્વારા અસરગ્રસત પરિવારની મદદ માટે હેલ્પલાઇન નંબર પણ જાહેર કર્યો છે.

બીજીતરફ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ મૃતકની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શોકની લાગણી વ્યક્ત કરી હતી, સાથે જ ઘાયલ લોકો જલ્દી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડે પણ આ ઘટનાને અત્યંત દુખદ જણાવી મૃતકોના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર ઘટનાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી મૃતકના પરિવારજનોને 2 લાખ રૂપિયાની સહાય ને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે.

# PARIKSHA PE CHARCHA

પરિક્ષા પે ચર્ચાની 8મી આવૃત્તિ આવતા મહિને યોજાશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ સંવાદ કાર્યક્રમ માટે નોંધણી શરૂ થઈ ગઈ છે અને MyGov પોર્ટલ પર 14મી જાન્યુઆરી સુધી આ નોંધણી પ્રક્રિયા ખુલ્લી રહેશે. પરીક્ષાના તણાવને ઘટાડવા

અને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને જીવનને ઉત્સવ તરીકે ઉજવવાના પ્રોત્સાહન સાથે આ કાર્યક્રમ યોજાય છે.

એક નિવેદનમાં, શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ધોરણ 6 થી 12 ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતાપિતા માટે MCQ ફોર્મેટમાં ક્વિઝ સ્પર્ધા વિકસાવવામાં આવી છે.

નોંધણી પ્રક્રિયા દરમિયાન, વિદ્યાર્થીઓ પ્રધાનમંત્રીને પૂછવાના તેમના પસંદગીના પ્રશ્નો રજૂ કરી શકે છે. આ પ્રશ્નો પરીક્ષાના તણાવ, કારકિર્દી, ભાવિ યોજનાઓ અથવા સામાન્ય રીતે જીવનને લગતા હોઈ શકે છે.

# VP-CHANDIGARH

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે ચંદીગઢના એક દિવસીય પ્રવાસે જશે. આ મુલાકાત દરમિયાન, શ્રી ધનખડ ચંદીગઢમાં પંજાબ યુનિવર્સિટીની પાંચમી વૈશ્વિક એલ્યુમની મીટનું ઉદ્ઘાટન કરશે. ઉલ્લેખનીય છે કે, ઉપરાષ્ટ્રપતિ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પણ છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે હિમાચલ પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં શીત લહેરની સ્થિતિની આગાહી કરી છે.

આ વિસ્તારોમાં કોલ્ડ વેવની સ્થિતિ આગામી બે દિવસ સુધી યથાવત રહેશે. પૂર્વ રાજસ્થાન અને ઝારખંડમાં આજે રાત્રે અને સવારના કલાકો દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ અનુભવાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે તટીય આંધ્રપ્રદેશ અને યાનમમાં વાવાઝોડાં અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદની પણ આગાહી કરી છે.

હવામાન વિભાગે કહ્યું કે, આગામી 3 દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર અને મધ્ય ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે.